**ક્રિ.કેસ નં.**

## <u>આંક–૦૧(ચાર્જશીટ) લગત હુકમ.</u>

**(૧).** આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ગુના માટે પ્લી/નિવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

**(૨).** સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ મજુરી કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમવાર ગુનો છે અને હવે પછી આવો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. એ.પી.પી.શ્રી એ આરોપીને કાયદા મુજબની થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

**(૩).** આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છુ.

**<u>હુકમ</u>**

આરોપીને ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુના માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી કોર્ટ ના ઉઠતા સુધીની સજા અને રૂા.૧૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો આરોપીને ૦૫ દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામ:– અમદાવાદ.
તા.૦૯/૦૯/૨૦૨૩.

(ડી.આર.જોષી)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨.અમદાવાદ.
કોડ નં. જીજે.૦૦૯૪૫.